# 64

**મહિસાગર અને દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં મૃતકના જોબકાર્ડ બનાવી નાણાકીય ગેરરીતિ**

*15/4/1989: **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)**: માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહિસાગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર મનરેગા યોજનામાં મૃતક વ્યક્તિઓના નામે જોબકાર્ડ બનાવી નાણાકીય ગેરરીતિ થઇ હોવા બાબતની કેટલી ફરીયાદો સરકારને મળી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહિસાગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર મનરેગા યોજનામાં નીચેની વિગતે મૃતક વ્યક્તિઓના નામે જોબકાર્ડ બનાવી નાણાકીય ગેરરીતિ થઇ હોવા બાબતની ફરીયાદો સરકારને મળી, |

| **ક્રમ** | **જિલ્લો** | **છેલ્લા બે વર્ષમાં મળેલ ફરીયાદની સંખ્યા (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ)** |
|---|---|---|
| ૧ | મહિસાગર | ૦ |
| ૨ | દાહોદ | ૨ |

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે ક્યારે કઈ કક્ષાએ તપાસ સોંપવામાં આવી, | (૨) | ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે **પત્રક – અ** ના કોલમ નં-૩ મુજબ તપાસ સોંપવામાં આવી, |
| (૩) | ઉક્ત સ્થિતિએ તપાસ દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને | (૩) | ઉક્ત સ્થિતિએ તપાસમાં દરમ્યાન **પત્રક – અ** ના કોલમ નં-૪ મુજબ ગેરરીતિ સામે આવી, |
| (૪) | ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લીધા? | (૪) | ઉક્ત સ્થિતિએ આ સાથે સામેલ **પત્રક – અ** ના કોલમ નં-૫ મુજબ જવાબદારો સામે પગલાં લેવામાં આવેલ છે. |

**પત્રક – અ**

**દાહોદ**

| ક્રમ | ફરીયાદની વિગત | તપાસ અધિકારીની વિગત અને તપાસ સોંપણીની તારીખ | તપાસ દરમ્યાન સામે આવેલ ગેરરીતિની વિગત | જવાબદારો સામે લીધેલ પગલાંની વિગત |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | સંજેલી તાલુકાના સરોરી ગામે મૃત્યુ પામેલ લાભાર્થીના પૈસા ઉપાડવા બાબત. | લોકપાલશ્રી,<br>તા.૦૧/૦૯/૨૦૨૨ | લોકપાલશ્રી દ્વારા રૂબરૂ તપાસ કરતા મૃત્યુ પામેલ શ્રમિકને મરણ થયા બાદ કોઈ પણ ચૂકવણા કરવામાં આવેલ નથી તેમ જણાયેલ હોઈ કોઈ ગેરરીતિ ધ્યાને આવેલ નથી. | – |
| ૨ | ફતેપુરા તાલુકામાં સાગડાપાડા ગામે મનરેગા યોજનામાં ખોટા જોબકાર્ડ બનાવી નાણાની ઉચાપત કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ફતેપુરા તા.૦૯/૦૬/૨૦૨૩ | ફતેપુરા તાલુકામાં સાગડાપાડા ગામે અરજદારશ્રી દ્વારા અગાઉ સદર બાબતે તકેદારી આયોગમાં અરજી કરેલ જેમાં તપાસ કરતાં મરણ પામેલ વ્યક્તિઓના નામના જોબકાર્ડમાં મજૂરીના નાણા ચૂકવામાં આવેલ છે તેમ જણાયેલ છે. | તપાસના અંતે જવાબદાર ગ્રામ રોજગાર સેવકને ફરજમુક્ત કરવામાં આવેલ છે. |